ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

**પ્રધાનોના અભિપ્રાયને દેશવટો દઇ દીધો!**
**આવતાં જ વજુભાઇને રાજવટો દઇ દીધો!**
**વાવટો લઇ લીધો વિકાસનો જાતિવાદ દંડે -**
**મુખત્યારીને લોકશાહીનો મુખવટો દઇ દીધો!**

### હાઈકુ

પાટીદારોએ -
છંછેડ્યો રાફડો -
અનામતનો...

બ્રહ્મસમાજ!!
લ્યો! માંગો અનામત -
સૂતા છો કેમ?!

### ચિંતન

**લબ્ધં ચૈવ લિપ્સેત લબ્ધં રક્ષેદવેક્ષયા । રક્ષિતં વર્ધયેત્સમ્યગ્વૃદ્ધં તીર્થેષુ નિક્ષિપેત ॥**

'માણસે જે અલભ્ય છે તેને પણ પ્રયત્ન પૂર્વક પ્રાપ્ત કરવા મથવું જોઈએ, અને જે પ્રાપ્ત થઈ ગયું હોય તેને કાળજીપૂર્વક સાચવવા-રક્ષવા સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ. જતન કરવું જોઈએ. અને જેનું રક્ષણ કર્યું હોય એમાં દિવસો-દિવસ કેમ વધારો થાય તેનું વિચારપૂર્વક આયોજન કરવું જોઈએ. અને જે બચત છે, સુરક્ષિત છે તે સદાય સત્કાર્યમાં, સન્માર્ગે, પવિત્ર કાર્યમાં વાપરવું જોઈએ.'

આજે માણસમાં સાહસવૃત્તિનો ખૂબ વિકાસ થયો છે. પહેલાં ગામમાં 'સાત ધોરણ સુધી' ની જ શાળા હતી તો ત્યાં જ કન્યાઓ માટે શિક્ષણ બંધ થઈ જતું. આજની કન્યા 'વિદેશો'માં જઈ અભ્યાસ કરે છે. યુવાનો સાત સમુદ્ર પાર કરી 'કમાવા' જાય છે. સાહસવૃત્તિ જીવનમાં ખૂબ જરુરી છે.

અલભ્ય વસ્તુ પ્રાપ્ત થઈ જાય પછી તેને સાચવવી, ઉમેરો કરી વિકાસ કરવો - અને સંગ્રહથી સાચવવી જન-સમાજની એના દ્વારા સેવા કરવી એ જ સાચું 'જીવન' છે

### સુવિચાર

- તમે જયારે કોઈની પાસેથી સુખ મેળવવાની અપેક્ષા રાખો છો ત્યારે પોતાની જાતને દુઃખી કરવાનો અધિકાર પણ તમે સામેની વ્યક્તિને આપી જ દો છો - **શ્રીલંકન કહેવત**
- માયાનું સ્થાન જોનારની આંખોમાં રહેલું છે - **કૃષ્ણમૂર્તિ**
- હૃદયથી વિખુટું પડી ગયેલું મન એક છેદાઈ ગયેલું એન છેદી નાખતું સાધન છે - **ફાધર વાલેસ**
- જયાં સ્વ હોતો નથી ત્યાં જ પ્રેમ હોયછે - **રજનીશ**
- તાળીઓના ઘેનમાં ગબડી ન પડે એવા માણસો બહુ જૂજ છે - **જનકલ્યાણ**
- આનંદ ભોગવી શકાશે એમ માનીને અલગ રહેવું એ બુદ્ધિના ભોગવિલાસ સિવાય કશું નથી - **બર્નાડ શો**
- દુનિયામાં સફળ થવા માટે માણસે ઉપરથી મૂર્ખ, પણ વાસ્તવમાં બુદ્ધિમાન હોવું જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય** (**સંકલન : દીપક વી. આસરા**)

### બોધકથા

સફાઈ અભિયાન હોય કે કોઈ ચેપી રોગ સામે લડવાની ઝુંબેશ, વાવાઝોડાં-પૂર-ધરતીકંપ જેવી આપત્તિઓ વખતે નેતાઓ ફોટા પડાવી ખોવાઈ જાય કે હૅલીકોપ્ટરમાંથી ઉડતી મૂલાકાત લઈ લોકોને 'હું તમારી સાથે છું' ના આશ્વાસન આપે...

રશિયાના પ્રમુખ લેનીન અવારનવાર બિમાર રહેતા. એકવાર યુદ્ધ મેદાનમાં બિચાર હતા. ડૉકટરે આરામ કરવાની સલાહ આપી હતી.

એવામાં દુશ્મન સૈનિકોએ, પૂરવઠો પહોંચાડતી રેલવે ટ્રેક જ ઉડાડી દીધી. સરહદ પર રહેલા સૈનિકોને પૂરવઠો પહોંચાડવો જરુરી હતો.

જો સિવીલયન - નાગરિકો શ્રમયજ્ઞ કરી મદદ કરે તો જ આ કાર્ય ઝડપી પુરું થાય. લેનીને આસપાસના શહેરમાં ભાષણ કર્યું અને લોકોને પોતાની સામે શ્રમયજ્ઞમાં જોડાવા અપીલ કરી. બિમાર લેનીન પણ પાવડો-તગારું લઈ જાતે કામમાં જોડાયા. બે દિવસમાં 'રેલવે ટ્રેક' શરુ થઈ ગઈ.

પત્રકારે લેનીનને પુછ્યું : તમે બિમાર હતા છતાં આવા શ્રમકાર્યમાં જાતે શા માટે જોડાયા?

લેનીન કહે : રાષ્ટ્રીય આપત્તિ વખતે નેતાએ જ નેતૃત્વ લેવું જોઈએ તો જ સાચા 'લોકનેતા' કહેવાય, નહીં તો લોકનેતા શેના?!

# સુષ્મા-સોનિયા સામસામે

## તંત્રીસ્થાનેથી....

સુષમા-સોનિયાનું વૈમનસ્ય ઘણું જૂનું છું. કોંગ્રેસી સાંસદોના નિલંબનને કારણે વિપક્ષમુક્ત બનેલી લોકસભા સમક્ષ નિરાંતે લાગણીના ઊભરા ઠાલવી પોતાના છૂપા કાવતરાને માનવતાના વાઘા પહેરાવવાની સુષમા સ્વરાજની રજૂઆત ખુદ ભાજપને પણ ગળે ઉતારતાં તકલીફ પડી રહી છે. વડાપ્રધાને લલિત મોદીના સુષમા પરિવાર સાથેના અંતરંગ સંબંધોની મનોમન નોંધ લઈ એમનો બચાવ કરવા માટે જુનિયર મંત્રીઓને સૂચના આપી લઈ પોતે ભેદી મૌન ધારણ કરી લીધું છે. સોનિયા ગાંધીનું નામ અનાવશ્યક રીતે પોતાના નાટકીય વક્તવ્યમાં ઘુસાડી દઈ સુષમા સ્વરાજે હાથે કરીને નવો વિવાદ સર્જ્યો છે. પોતે કશું જ ખોટું નહીં કર્યું હોવાનું નિવેદન કરતી વેળાએ પણ સુષમાનો ચહેરો અને એમની 'બૉડી લૅન્ગ્વેજ' એક અપરાધી એનો ગુનો છાવરવા આત્માનો અવાજ દબાવી વકીલની ભાષામાં વાત કરી રહ્યો હોય એવાં લાગતાં હતાં. સુષમાએ સંપૂર્ણપણે વિરોધનો એક પણ સૂર ઊઠવાની સંભાવના નહોતી એવા વિપક્ષરહિત 'સુરક્ષિત' સદનમાં નિવેદન રજૂ કર્યું તે જ એમની કાયરતા નથી દર્શાવતું? મોટા અવાજે, આરોહ-અવરોહ સાથે જૂઠ્ઠું બોલવાથી સત્ય દબી શકે નહીં. રાહુલ ગાંધીએ સુષ્માના સોનિયા ગાંધી વિશેના સંદર્ભનો યોગ્ય જવાબ વાળ્યો છે. સોનિયા ગાંધીએ પણ કહ્યું છે કે નિયમ બહાર એમણે કશું જ ન કર્યું હોત. એક ભાગેડુ આર્થિક અપરાધીની પત્નીને માણસાઈની દુહાઈ દઈ મદદ કરવાના બહાને હકીકતમાં સુષમાએ એમના પતિ અને પુત્રીના ક્લાયન્ટને જ મદદ કરી હતી. વળી એવી છૂપી રીતે મદદ કરી હતી કે આખી દુનિયાની ગોપનીય બાબતો તરફ ઝીણી નજર રાખનારા વિચક્ષણ વડાપ્રધાન સુધ્ધાંને એની ગંધ ન આવે. આમ, દાળમાં કંઈક નહીં, ઘણું બધું કાળું હતું, તે આખરે બહાર આવી ગયું છે અને ભવિષ્યમાં કદાચ ખુદ લલિત મોદી પર ભારત સરકાર સકંજો કસશે ત્યારે એનો ખુલાસો થઈ જશે. સુષમાને નાટકીય રજૂઆત કરતાં - ડ્રામાબાજી કરતાં આવડે છે, એમ કહી સોનિયા ગાંધીએ કશું જ ખોટું નથી કહ્યું. જયારે ૨૦૦૪માં સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ-યુપીએની સરકાર રચાવાની શક્યતા હતી ત્યારે સુષમાએ જે નૌટંકી કરી હતી તે જગજાહેર છે. સોનિયા ગાંધીને વિદેશી મૂળ ધરાવતાં મહિલા ગણાવીને સુષમાએ એમને હરગિજ વડાપ્રધાન નહીં બનવા દેવાનું ત્રાગું કર્યું હતું. જો સોનિયા વડાપ્રધાન બનશે તો પોતે માથું મૂંડાવી દેશે, એવું ત્રાગું કરનાર સુષમા સ્વરાજ વિશે સોનિયા તેઓ ડ્રામાબાજી કરવામાં માહેર હોવાનું નિવેદન કરે તો એમાં ખોટું શું હતું? મોદી પોતે સુષમાનો બચાવ કરવા આગળ આવવાનું ટાળે છે - કદાચ એ પણ ઈચ્છે છે કે ટાઢા પાણીએ ખસ જાય! સુષમાનો મોદીવિરોધ જાણીતો છે. એક સમયે વડાપ્રધાનપદની રેસમાં ગણાતાં સુષમાએ છેલ્લે મંત્રીમંડળમાં પહેલાં ચાર પદો પૈકીનું પદ પોતાને મળવું જોઈએ એવી ચોખ્ખી હઠ પકડી હતી. સુષમાની ઈમેજ અત્યારે તળિયે પહોંચી ગઈ છે ત્યારે વગર નોંધ જોયે દોઢ કલાક સુધી ધારાપ્રવાહ રજૂઆત કરવાની એમની ક્ષમતાનો મુદ્દો મહત્ત્વનો નથી રહેતો. બાર ધોરણ ભણી દેશનાં શિક્ષણમંત્રી બની ગયેલાં સ્મૃતિ ઈરાનીએ આ મુદ્દે સુષમાને સોનિયા કરતાં ચડિયાતાં ગણાવવાની કોશિશ કરી છે તે હાસ્યાસ્પદ નથી શું?

# ગીધ - ખોરાકની ખાસિયત



આ પૃથ્વી પરના એક-એક જીવ વિશે જાણતાં જઈએ તમે તેમ ખાતરી થવા લાગે કે કુદરતે પ્રત્યેક જીવના સર્જનમાં કેટલાં બધાં રહસ્યો ભર્યાં છે. પ્રત્યેક જીવને એકબીજાથી અલગ અને સંપૂર્ણ બનાવવામાં કે બનવામાં હજારો વર્ષ નીકળી ગયાં છે અને આપણે માનવો જેટલું જાણીએ તેટલું ઓછું પડે તેમ છે.

'ગીધ' શબ્દ સાંભળતાં કે વિચારતાં ઘૃણા અને નારાજગી અનુભવાય. પરંતુ આ સરસ મજાનું પક્ષી પૃથ્વી પરની તેની ખાસ ભૂમિકા માટે સર્જન પામેલું છે.

વિશ્વમાં ૨૩ જાતિના ગીધ છે, જેમાં દક્ષિણ અમેરિકાનું એનડીન કોન્ડોર **(Andean condor)** ગીધ તેની પાંખો ફેલાવે તો તે ૧૦ થી ૧૧ ફૂટ એટલે કે એક રૂમની પહોળાઈ જેટલી થઈ જાય અને તે વિશ્વનાં બધાં પક્ષીઓમાં વધુમાં વધુ ગણાય છે. જયારે સબ સહારા આફ્રિકા ભાગમાં લગભગ કાગડાના કદનું ગીધ પાંખો ફેલાવે તો તે પાંચ ફૂટ જેટલી થાય છે. આવી મજબૂત પાંખોની મદદથી ખૂબ જ ઊંચાઈ પર ગરમ હવાની મદદ લઈને સતત લાંબા સમય સુધી થાક્યા વગર ઊડતાં ગીધ તેટલી ઊંચાઈએથી આસપાસના વિસ્તારમાં જમીન પર પડેલ કોઈ મૃતદેહને તેની તીવ્ર દૃષ્ટિ અને સૂંઘવાની શક્તિની મદદથી શોધી કાઢે છે.

ગીધની ચાંચ પણ મજબૂત હોય છે. પ્રાણીઓના મૃતદેહમાંથી માંસ ખેંચવા માટેના કાર્ય માટે જ જાણે કે તેની રચના થઈ હોય છે. તેમ છતાં મૃતદેહ ઉપરના કઠણ ચામડાને ચીરવા કે ખોલવા માટે ઘણીવાર તેને અન્ય પ્રાણીઓ કે રાજગીધ (કીંગ વલ્ચર) ની રાહ જોવી પડે છે.

ગીધના પગ-પંજા નબળા હોય છે. પંજાના નહોર બૂઠા હોય છે. તેનો અર્થ એવો કે તેના પગનો ઉપયોગ તે ઓછો કરે છે. નવાઈભરી વાત છે કે ગીધ તેના પગ અને પંજા પલળે - ભીના થાય તે રીતે પેશાબ કરે છે. આ પાછળનાં બે મુખ્ય કારણો માનવામાં આવે છે. એક તો તેનાથી ગરમીની ઋતુમાં પગને ઠંડક મળે છે અને બીજું કારણ એ કે મૃતદેહ ફેંદતી વખતે તેના ગંદા થયેલા બૅક્ટેરિયા અને પરોપજીવીઓયુક્ત પગ મૂત્રની મદદથી સ્વચ્છ થાય છે.

સામાન્ય રીતે ગીધ પક્ષીઓને તાજું માંસ ખાવું વધારે ગમે છે. તેમ છતાં તે ગમે તેટલાં સડેલા મૃતદેહ ખાવામાં જરા પણ ખચકાતું નથી અને સાવ એવું પણ નથી કે તે પ્રાણી મર્યા બાદ મૃતદેહ ખાવા આવી પહોંચે છે. ઘણીવાર તો ઘવાયેલા, માંદા, બચ્ચાં કે નબળાં જીવતાં પ્રાણીઓ પણ હુમલો કરીને પણ ખોરાક મેળવવા માટે પ્રયત્ન કરે છે.

ગીધનું માથું અને ગળું પીંછાં વગરનું ખુલ્લું હોય છે. આમ હોવાનું કારણ મૃતદેહોમાંથી માંસ ખેંચતી વખતે મૃતદેહના શરીરના અંદરના ભાગમાં માથું ઊંડે સુધી નાંખવું પડે છે, તે છે. તે લોહીથી કે અન્ય રીતે ખરડાઈ જાય તો શરીર ગંદું ન થાય. ખાવા મળે ત્યારે ગીધ અકરાંતિયાની જેમ પેટ ભરીને ખાઈ લે છે. એક મજાની વાત એ છે કે જો ગીધ પર કોઈ પ્રાણી હુમલો કરે કે ગીધને ભય જેવું જણાય તો તે સમયે ગીધ મોઢા વાટે ઊલટી કરીને સામેના પ્રાણીને ગભરાવીને ત્યાંથી ભાગી છૂટે છે. સ્વરક્ષણ માટે ખાધેલું ઓકી કાઢીને શરીરમાં રહેલ વજન ઓછું કરવા માટેના કારણ ઉપરાંત રોગિષ્ટ બેકટેરીયા કે પેટને જલદ એસિડ પણ એક શસ્ત્ર તરીકે કામ કરતો હોઈ શકે.



### વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

આ બધામાં ગીધની સહુથી મોટી ખાસિયત તો એ કહી શકાય કે ગંધાતા, સડેલા, રોગિષ્ટ મૃતદેહોનું માંસ ખાવા છતાં તે કદી બીમાર નથી પડતાં. આ વિષયમાં કરવામાં આવેલાં ૫૦ જેટલાં ગીધો પરનાં સંશોધન બાદ એવું જાણવા મળ્યું કે ગીધના મોઢાના ભાગમાં ૫૨૮ પ્રકારના બૅક્ટેરિયા જોવા મળ્યા હતાં, જયારે તેના આંતરડામાં ફક્ત ૭૮ જાતના જ બૅક્ટેરીયા હતા. ગીધના પાચનતંત્રમાં પાચક રસમાં રહેલો તીવ્ર એસિડ મોટાભાગના બૅક્ટેરીયાનો નાશ કરે છે. બીજા કોઈ પ્રાણીઓ ગીધ ખાય છે તેવા મૃતદેહો ખાય તો તે રોગિષ્ટ થઈને મરણને શરણ પહોંચી જાય, પરંતુ કુદરતે ગીધને આ પ્રકારના આશીર્વાદ પૃથ્વી પરની ગંદકી દૂર કરીને રોગિષ્ટ વાતાવરણ મુક્ત પર્યાવરણ જાળવી રાખવાનું ભગીરથ કાર્ય સોંપ્યું છે. ત્યારે આપણે માનવોએ આપણાં રક્ષક એવા આ ગીધોને ભયજનક જીવોની યાદીમાં સ્થાન આપી દીધું છે.

સ્કેવેન્જર **(Scavanger)** એટલે કે મૃતભક્ષી કહેવાતા આ ખાસ જીવોની ૨૩ જેટલી જાતિઓ પૈકી ૧૪ જાતિઓ ભય હેઠળની યાદીમાં સામેલ છે. છેલ્લી સદીમાં ૯૦ ટકાથી વધુ ગીધની વસ્તુ ઓછી થઈ જવા પામેલ છે. પ્રત્યેક વર્ષના સપ્ટેમ્બર માસના પ્રથમ શનિવારનો દિવસ 'ઈન્ટરનેશનલ વલ્ચર એવરનેસ ડે' તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવેલ છે. તે પાછળનું મુખ્ય કારણ ગીધ સંરક્ષણ બાબતે લોકોમાં જાગૃતિ આવે તે છે.

અંતે, એક મહત્ત્વનો પ્રશ્નઃ શું તમે ગીધ પક્ષી જોયું છે ? અને તેમાં પણ 'રાજગીધ - કીંગ વલ્ચર' જોયુ છે ? જો ઉત્તર 'ના' માં હોય તો તેનું રક્ષણ શા માટે કરવું જોઈએ તે તમે સારી રીતે સમજી ગયા હશો.

# જાઓ... પહેલે ઈન સબ કો BAN કરકે આઓ...!!!

કોઈ પોલીટીકલ પાર્ટી, ધર્મગુરુઓ કે કોઈ જ લીડર વગર પણ લોકો પોર્ન બેનની સામે જે રીતે એકમત થયા એ જ રીતે કાશ બીજા બધા ઈશ્યુમાં પણ થઈ શક્યા હોત તો...?

'ડાઉનલોડ સે ડર નહિ લગતા સાબ... ડર તો ફોલ્ડર કો છુપાને મે લગતા હૈ ...!!! દબંગ સ્ટાઈલનો આ ડાયલોગ પોર્નની બેન અને ભાઈ બન્નેને પરફેક્ટલી લાગુ પડે છે. ભારતવર્ષમાં પ્રતિબંધોની મોસમ ચાલી નીકળી છે. મેગીથી બીફ અને એન.જી.ઓ થી પોર્ન. ક્રાંતિકારી બહોત હી ક્રાંતિકારી...!!! સુપ્રીમકોર્ટની ફટકાર પછી આવું એકાદ ક્રાંતિકારી કદમ તો સરકારે ઉઠાવવું જ પડે એમ હતું એ અલગ વાત છે અને લોકોના ભયંકર વિરોધ પછી પાછળથી ફક્ત ચાઈલ્ડપોર્ન સાઈટ્સ જ બ્લોક કરી છે એવી સફાઈ પણ આવી પણ મોબાઈલ્સ સ્માર્ટ થતા જાય છે, ઈન્ટરનેટ્સ ફાસ્ટ થતા જાય છે અને બાઉન્ડ્રીઝ ઓફ વર્લ્ડ માઈનસ થતી જાય છે એવા સમયે જગતની સૌથી મોટી લોકશાહીમાં મહજ ૮૫૭ પોર્ન સાઈટ્સનું બ્લોકીંગ...? બાત કુછ હજમ નહિ હુઈ..!!! આ તો ઈન્દોર હાઈકોર્ટના વકીલ કમલેશ વાસવાની માટે પણ ખુશ થવાની સાથે સાથે થોડું વિચિત્ર હતું કે જેણે અઢીઅઢી વર્ષ મહેનત કરેલી આ પ્રતિબંધ માટે. જયાં આંગળીના ટેરવે અને ક્લીકના કમાલથી પોર્ન હાથવગું હોય ત્યારે ફક્ત સાઈટ્સ બ્લોક કરીને શું વળશે? અને વળશે તો કેટલું ? ... સવાલ બહોત હૈ પણ આજકા સબ સે બડા સવાલ એક જ કે... વ્હાય બેન ઓન્લી પોર્ન?

૨૦૧૦ના આંકડાઓ મુજબ કુલ વેબ્સાઈટસમાંથી ફક્ત ૪ % જેટલી સાઈટ્સ જ સેક્સ્યુલ કન્ટેન્ટ વાળી છે જો કે ૨૦૧૫માં આ આંકડો ક્યાય વધારે હશે. સવાલ નૈતિકતા, સામાજિક જવાબદારીઓથી શરુ થઈને પર્સનલ પ્રાઈવસી સુધી લંબાઈ ચુક્યો છે. ગુગલદેવના ડેટાસર્વરમાં સંઘરાયેલા આ ડીજીટલ આંકડાઓ પર એક નજર મારો. જુલાઈ ૧૪ થી જુન૧૫ના ફક્ત એક જ વર્ષની સર્ચ હિસ્ટ્રી મુજબ દર મહીને ૪૦ લાખ સર્ચનો કીવર્ડ હોય છે પોર્ન... ને એમાં ૧૬ % સાથે મોખરે છે જયાંથી આ બ્લોકનો હુકમ આવ્યો એ દિલ્હી..!! હા રાજયોમાં મહારાષ્ટ્ર મોખરે છે. મજાની વાત એ છે કે દર ત્રીજું સર્ચ મોબાઈલ પરથી કરાય છે. લગભગ બધા પ્રતિબંધોમાં જે આડઅસર થાય છે એમ આમાં પણ ઓનલાઈન પોર્ન બંધ થતા જ બજારમાં ખુલ્લેઆમ મળતી સીડી અને ડીવીડીની ડિમાન્ડમાં ભયંકર ઉછાળો આવ્યો, સ્પ્રિંગ ને દબાવો તો વધુ ઉછળે એવું જ કઈક...!!! સરવાળે વાત તો હતી ત્યાં ને ત્યાં જ રહી ... ઠેર ના ઠેર ...!!

આગળ વાત કરી એ વાસવાની એ પોતાની યાચિકામાં દલીલો કરેલી કે પોર્ન એ સેક્સનો ખોટો ચિતાર રજુ કરે છે. પોર્ન એ એક પ્રકારનું માનસિક કેન્સર છે અને એકવાર આ ખોટા દ્રશ્યો મગજમાં છપાય જાય તો સરવાળે સમાજ અને નાગરિકો માટે હાનીકારક છે એટલે ભારતના ૭૫ % જેવા નિર્દોષ નાગરિકો, બાળકો અને મહિલાઓને આનાથી બચાવવા જરૂરી છે. વાસવાનીની આ વાતમાં હા પણ પાડી શકાય અને નાં પણ. એમની દલીલો સામે સોશિયલ મીડિયામાં અનેક તર્કો અને બચાવો વહેતા થયા એ બધું બરાબર પણ સરકારે કોઈ સૈધાંતિક નિર્ણય લેવાને બદલે દે ઠોક સાઈટસો પર જ ખંભાતી તાળા લટકાવી દીધા. તાળા તો લટકાવી દીધા પણ ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવું થયું કેમકે બજારોમાં ખુલ્લેઆમ મળતી બુક્સ, વિડીયો સીડી કે એડલ્ટ મેગેઝીન્સનું શું? પોર્ન સાઈટસના કન્ટેન્ટ અને આ બધાના કન્ટેન્ટસમાં ક્યાં એલીફન્ટહોર્સનો ફર્ક હતો??? અને સૌથી શિરમોર વોટ્સએપ અને બીજી શોશિયલ સાઈટ્સ પર ગ્રુપ ટુ ગ્રુપ ફેલાતી ઓડિયોવિડીયો ફાઈલ્સ કા કુછ નહિ...? સરકાર હજુ સુપ્રીમકોર્ટના બીજા આદેશોની રાહ જોતી લાગે છે!!!



### રઝળપાટ

અજય ઉપાધ્યાય

કામસૂત્ર અને અજંતા ઈલોરાની ગુફા કે અનેક પ્રાચીન મંદિરોની દીવાલો પર કંડારાયેલા શિલ્પોના સમૃદ્ધ વારસો ધરાવતા આ દેશમાં મહજ ૮૦૦ જેવી સાઈટ્સ બ્લોક કરવાની ચેષ્ટા નાગરિકોની વ્યક્તિગત આઝાદી પર તરાપની સાથેસાથે એ વસ્તુ પણ સિદ્ધ કરી ગઈ કે સરકાર પાસે કોઈ વ્યવસ્થિત ગાઈડલાઈન કે દિશાનિર્દેશ નથી . જો ખોટું છે તો એના બંધારણીય સાપેક્ષમાં પગલા લેવાવા જ જોઈએ પણ અહી એવું ના થયું. બાકી પોર્નથી પણ વધુ ખતરનાક અસરો ધરાવતી કેટલુ બધું છે પ્રતિબંધ મુકવા જેવું..!!! બેન જ કરવું હોય તો ભ્રષ્ટાચારને બેન કરો ને... બોલીવુડની ફિલ્મોમાં આવતા રેપ સીન્સ કે આઈટમ નમ્બર્સ પણ ક્યાં પોર્નથી કમ હોય છે? કરો બ્લોક ..!!! દિવસે દિવસે વધતી જતી મહિલા ઉત્પીડનની ઘટનાઓને પણ બ્લોક લીસ્ટમાં સમાવો ને? જાહેરમાં ગંદકી ફેલાવવી કે પછી બાળમજૂરીઓને પણ બેન કરાવવું જરૂરી છે. ઓનર કિલિંગ અને દારુના વ્યસનોથી પોર્ન કરતા વધુ લોકો મરે છે... આને ક્યારે બેન કરાવશો? અને હા લાસ્ટ બટ નોટ લીસ્ટ પ્રજાના પૈસે તાગડધિન્ના કરીને કરોડો રૂપિયાના આંધણ પછી પણ સંસદ ના ચાલવા દેનારને બ્લોક કરવામાં પણ કોર્ટના આદેશની રાહ જોવાની છે? ... જાઓ પહેલે ઈન સબ કો બેન કરકે આઓ... ફિર મેરે ભાઈ તુમ જો કહો ઈતની સાઈટ્સ હમ ખુદ બ્લોક કર દેંગે...!!!

> **કોઇ પોલીટીકલ પાર્ટી, ધર્મગુરુઓ કે કોઇ જ લીડર વગર પણ લોકો પોર્ન બેનની સામે જે રીતે એકમત થયા એ જ રીતે કાશ બીજા બધા ઇશ્યુમાં પણ થઇ શક્યા હોત તો...?**

**વિસામો :**

કોઈ પોલીટીકલ પાર્ટી, ધર્મગુરુઓ કે કોઈજ લીડર વગર પણ લોકો પોર્ન બેનની સામે જે રીતે એકમત થયા એ જ રીતે કાશ બીજા બધા ઈશ્યુમાં પણ થઈ શકતા હોત તો...?? સોચો ...ઠાકુર સોચો...!!!

# એક પત્ર... પ્રિય પીડાને...

તને આશ્ચર્ય થશે કે મેં તને 'પ્રિય'નું સંબોધન કેમ કર્યું ? આખી દુનિયા તને નફરત કરે છે, કોઈ તને સહર્ષ સ્વીકારતું નથી, તારાથી છુટકારો ઈચ્છે છે ત્યારે હું તને 'પ્રિય કહું છું? થાય છે ને આશ્ચર્ય?

પીડા, હું જાણું છું કે તું બધાને દર્દ જ આપે છે. પણ એમાં તારો શું વાંક? ઈશ્વરે તારી નિયત્તિ જ પીડા આપવાની બનાવી છે. વળી તારા નામ એવા જ ગુણ છે. તું ક્યારેક મનમાં પ્રસરે છે તો ક્યારેક તનમાં પણ વિસ્તરે છે. માનવી બન્ને રીતે તને જીરવી શકતો નથી. હું જાણું છું કે બીજાને પીડા આપવી એ તારો પરમ ધર્મ છે, કર્તવ્ય છે. એ તારા નસીબે જ લખાયેલું છે. કેમ કે તારું કર્મ એ જ છે. પરંતુ લોકો તને સમજી શકતા નથી. ઓળખી શકતા નથી. એનું એક કારણ એ પણ છે કે તું કોઈની સાથે વધુ વખત રહેતી નથી, જો કે આજે તો મારે તને મારા સંદર્ભે જ વાત કરવી છે. તું હંમેશાં મારો સાથ નિભાવતી આવી છે. મને ખબર છે મારી નિયતિએ તને મને હરાવવા મોકલી છે, ડરાવવા મોકલી છે. પણ એ રીતે તો હું પણ જીદી છું. નિયતિ સામે કે તારી સામે હારી જાઉ એવો નથી. હા, નિયતિ એનો ચોક્કસ પ્રભાવ પાડી શકી છે. નિયતિ નિર્માણ કરેલી વર્તમાનની વિવિધ પરિસ્થિતિઓ અને એમાંથી સંભવિત ઊભી થનાર પરિસ્થિતિઓનું જ્ઞાન અને પીડાની અનુભૂતિ મને છે. સામાન્ય માણસ તૂટી જાય એવી પરિસ્થિતિનું નિર્માણ તું ભલે કર પણ હું તને કહી દઉ કે હું સામાન્ય માણસ નથી, કવિ છું, સર્જક છું.

હે પીડા, હું તને તો કવિતાના શરબતમાં ઘોળીને પી જઈ શકું છું. તું તારો પ્રભાવ વધારે છે ત્યારે હું રંગ અને રેખાના સાનિધ્યમાં પહોંચી જાઉં છું, મનમાં પથરાતી તારી છબિને કલ્પનાના સુંદર રંગો અને વસ્ત્રો પહેરાવીને કોઈ અપ્સરામાં એનું રૂપાંતર કરું છું. અને પછી મારા ઘરની દીવાલ પર એ ચિત્રને જોઈને આનંદ પામું છું.

હે મારી પ્રિય પીડા, તું જયારે જયારે વિકરાળ સ્વરૂપ ધારણ કરીને મારી સામે ઉપસ્થિત થાય છે, ઝનૂનપૂર્વક, ખુન્નસપૂર્વક મારી ઉપર હુમલાઓ કરે છે ત્યારે ત્યારે હું મારી 'બંસરી પાસે ચાલ્યો જાઉ છું. મારા મનના ખૂણે ખૂણે પ્રગટેલા પીડાના પર્ણોને બંસરીના સૂર એકદમ મહેકતા કરી મૂકે છે. તને ખબર નથી પણ હું તારી પાસેથી પણ તારી નિયતિ વિરૂદ્ધનું કાર્ય કરાવું છું. તારું કાર્ય બધાને દુઃખ-દર્દ આપવાનું છે ને? તારો મૂળ સ્વભાવ બધાને દુઃખી કરવાનો છે. પરંતુ હું તને મારી કવિતાથી, મારા ચિત્રોથી કે બંસરીના સૂરથી આનંદમય બનાવું છું. સુખમય બનાવું છું. તારે કારણે જ મને સાચી શાંતિનો અનુભવ થાય છે.

હે પીડા, આમ જોઈએ તો તારું અસ્તિત્વ આ સંસાર માટે જરૂરી છે. તને બનાવીને ઈશ્વરે પોતાના અસ્તિત્વની ખાતરી આપી છે. કેમ કે મોટા ભાગના લોકો તારે કારણે જ ઈશ્વર તરફ વળે છે. તું જેટલી વધારે પીડાદાયક એટલી આસ્થાનું તત્વ વધારે. મંદિર, મસ્જિદ કે ચર્ચમાં આંટાફેરા વધારે. એનો બીજો અર્થ એ પણ કાઢી શકાય કે ઈશ્વરના ઘર સુધી જવાનો રસ્તો પણ તું જ છે. જોકે સારું છે કે તારે કારણે લોકોની શ્રદ્ધા ઈશ્વરમાં ટકી રહી છે. પણ સાચું કહું.... તારે કારણે હું કદી ઈશ્વર પાસે નથી ગયો. કેમ કે મારે તો તારા વિના પણ ઈશ્વર સાથે વાતચીત થાય છે. મજૂરી

હે પ્રિય પીડા, તું થોડી નિષ્ઠુર તો છે જ, કેમ કે જયારે હું સાવ નાના નાના બાળકોને ભીખ માગતા, મજૂરી કરતા કે રસ્તા ઉપર સૂતેલા ઘરબાર વિનાના જોઉં છું ત્યારે મને તારી પ્રત્યે નફરત થઈ આવે છે. તું મારા જેવા ઉપર તારી પીડાના ગમે તેવા પ્રયોગો કર, પ્રહારો કર પણ એ નાના બાળકોએ તારું શું બગાડ્યું છે? 'એમના અગાઉના કર્મને કારણે' એવું મને ના કહેતી. નાનું બાળક નાનું બાળક જ હોય છે. જયાં સુધી એનામાં બાળપણ છે ત્યાં સુધી એના અગાઉના કોઈ કર્મને ધ્યાન પર ના લેવા જોઈએ. આ સીસ્ટમ તારે બદલવી જ જોઈએ.

હે પ્રિય પીડા, તારું એક ગૂઢ રહસ્ય પણ હું જાણી ગયો છું. જેમ દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ તારી પણ બીજી બાજુ હું જાણી ગયો છું. તારી બાજી બાજુ હર્ષ આનંદ છે. જોકે મને તો હવે તારી આ બાજુમાં પણ હર્ષ અને આનંદની અનુભૂતિ થાય છે. કેમ કે કેટલા વર્ષોથી તું મારી સાથે છે. કદાચ સમજણો થયો ત્યારથી... તેં કદી મારો સાથ છોડ્યો નથી. મને જન્મ આપનાર મારી મા, પિતા તથા બીજા ઘણા સ્વજનોના મૃત્યુ થયા, સૌ કોઈ મને એકલો મૂકીને જતા રહ્યા પણ તેં મને ક્યારેય એકલો નથી મૂક્યો. શરૂઆતમાં મેં ચોક્કસ તારો અસ્વીકાર કરેલો, તિરસ્કાર કરેલો, હું રડતો, દુઃખી થતો પણ પછી મને સમજાયું કે તારે કારણે જ મને કવિતા મળી, જીવનની નવી દિશા મળી, ઈશ્વરને મારી સાથે લગાવ થયો, તારે કારણે જ ઈશ્વર હવે મારું ધ્યાન પણ વિશેષ રીતે રાખે છે. નહિતર હું કૉલેજમાં હતો ત્યારે જે ઈશ્વરની મૂર્તિને મેં મારી રૂમમાં ૨૨ દિવસ સુધી ઊંધા માથે લટકાવી હોય એ જ ઈશ્વર મારું ધ્યાન રાખે ખરો? પણ રાખે છે. થૅન્ક્યુ ડિયર પીડા. ઍન્ડ થૅન્ક્યુ ડિયર ઈશ્વર.



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

હે મારી પ્રિય પ્રાણેશ્વરી પીડા, ભલે આખો સંસાર તને નફરત કરે પણ હું હવે ધીમે ધીમે તને ચાહવા લાગ્યો છું. મને તારી પ્રત્યે ચાહત થવા લાગી છે. આઈ લવ યુ ડિયર. હવે તારા વિના મને પણ ગમતું નથી. મને તો લાગે છે કે માત્ર હર્ષ, ખુશી આનંદ અને સુખના સાનિધ્યમાં જીવનારા લોકો વધારે દુઃખી છે જયારે તારા સાનિધ્યમાં હર્ષ, આનંદ ને સુખ તો છે જ. સાચું પીડા, તારી અંદરના ગૂઢ રહસ્યને કોઈ જાણી શક્યું નથી. તારો સ્વભાવ ભલે દુઃખ-દર્દ આપવાનો હોય પણ તારો મૂળ આશય તો સુખની સાચી અનુભૂતિ કરાવવાનો જ છે. મેં મારી પ્રત્યેક રાત્રીના એકાંતમાં એ સુખની અનુભૂતિ કરી છે. તું હવે મારા જીવનનો, મનનો એક હિસ્સો બની ગઈ છે. મારી નિયત્તિ તને કદાચ મારામાંથી મુક્ત થવાનું કહે તો પણ તું મુક્ત ના થતી અથવા બીજાની પીડાની અનુભૂતિ થઈને પણ તું મારામાં હંમેશાં રહેજે કેમ કે તેં મને આજ સુધી એટલી બધી પીડા આપી છે કે હવે મને મૂકીને તું બીજે જઈશ તો પણ હું બીજાની પીડા મારી સમજીને એને અપનાવી લઈશ. તું હવે મારા સ્વભાવમાં આંસુ બનીને નહી પણ સ્મિત બનીને વણાઈ ગઈ છું. તેં ભલે મારા વાળ થોડા સફેદ કર્યા હોય કે આંખો નીચે થોડી કાળાશ કરી હોય પણ સાથે સાથે ચહેરા પર હંમેશાં 'સ્મિત નું ભલે ખોટું તો ખોટું પણ વરદાન તો આપ્યું છે. એ હું કેમ ભૂલી શકું?

અને અંતમાં... હે મારી પ્રિય પીડા, તને એક વિનંતી. સંસારના તમામ નાના બાળકોને તારા કાર્યક્ષેત્રમાંથી દૂર કરીશ તો મને ગમશે. મારી તારા પ્રત્યેની ચાહત વધશે. અને તારી પ્રતિષ્ઠામાં વધારો પણ થશે. મારી જેમ અન્ય લોકો પણ તને હોંશે હોંશે સ્વીકારશે, વધાવશે.

હે પીડા, તારા પરમતત્વને પ્રણામ, તારી શાશ્વતતાને વંદન, તારું બાહ્ય રૂપ ભલે ડરામણું હોય પણ તું અંદરથી કોમળ જ છે. સંવેદનશીલ છે. એ હું જાણું છું. તારી આ સંવેદનશીલતા હંમેશાં યથાવત રાખજે અને અત્યારે સંસારમાં તારા કર્મરૂપે તું જે જે લોકો સાથે છે એ બધાને સાચા આનંદની સુખની શાંતિની અનુભૂતિ કરાવજે એવી વિનંતી સાથે.

તારો જ.... કિશન

9426060601.india@gmail.com